| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૩૧/૧૨/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૦ કેસ કરી, ૮૧ વ્યક્તિઓને ઝડપી, ૨૯૨ લીટર દેશી દારૂ, ૧૩૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૮૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૪ સ્કુટર, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૨,૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૦૯૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૯૮/૨૦૨૩

**ખોખરાઃ** પુજાબહેન વા/ઓ અંકીતભાઇ જૈન (ઉ.વ.૩૭) (રહે. પરીષ્કાર-૨ ખોખરા સર્કલ પાસે ખોખરા) તા.૩૦/૧૨/૨૦૨૩ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે ખોખરા મણીનગર ઇલાજ રેલ્વે ક્રોસીંગ પાસે આવેલ પંજાબ નેશનલ બેંક ખાતે બેંકમાં પૈસા ભરવા ગયા હતા ત્યારે કાઉન્ટર ઉપર પૈસા મુકી સ્લીપ ભરતા હતા ત્યારે અજાણી વ્યક્તિએ પુજાબહેન જૈનની નજર ચુકવી રૂપિયા ૩૪,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ અંગેની ફરીયાદ પુજાબહેન જૈન એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.ચૌહાણ ચલાવે છે.

### ગાડીનો કાચ તોડી ચોરીઃ- સમાચાર યાદી નં.૨૦૯૯/૨૦૨૩

**રિવરફ્રંટ ઈસ્ટઃ** મહેન્દ્રભાઇ બાબુલાલ પટેલ (રહે. હીરજીવાસ ગામ-પાંચોટ તા-જી.મહેસાણા) એ રિવરફ્રંટ ઈસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૨/૨૦૨૩ સાંજના ૬/૩૦ થી ૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અટલબ્રિજ પાસે ખુલ્લા ગ્રાઉન્ડમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી મોબાઇલ ફોન, સોનાની વિંટી નંગ-૩, સોનાનુ બ્રેસ્લેટ અને રોકડ રૂપિયા ૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૨,૦૦૦/- મતા ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી રાજીવકુમાર દશરથભાઇ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૦/૨૦૨૩**

**ચાંદખેડાઃ** ગુરબીરકોર વા/ઓ જગબીદરસિંઘ શહેરા (ઉ.વ.૫૭) (રહે. સ્વાગત સ્ટેટસ-૨ ન્યુ.સી.જી.રોડ ચાંદખેડા) તા.૧૩/૧૨/૨૦૨૩ કલાક ૦૦/૧૫ વાગે પોતાના ઘરે બાલ્કનીમા ડેકોરેટેડ લાઈટ બંધ કરવા જતા દિવાની ઝાળ પહેરેલ કપડાને અડી જતા આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એપોલો હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૦/૧૨/૨૦૨૩ કલાક ૦૦/૦૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.વી.ઝાલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૧૦૧/૨૦૨૩**

**નારોલઃ** ગુલીસ્તા ડો/ઓ મહેમુદભાઈ અંસારી (ઉ.વ.૧૯) (રહે. સંજરીનગર બાગે કૌશર મસ્જીદ પાસે કેનાલ રોડ વટવા નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૦/૧૨/૨૦૨૩ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.ડી.ભટ્ટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી